

# બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા–૨૦૨૧

## ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર માર્ગદર્શિકા

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતી, ગુજરાત રાજ્ય

# શુભેચ્છા સંદેશ

નમસ્કાર મિત્રો,

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી સમિતી દ્વારા રાજ્યમાં શૈક્ષણિક ગુણવત્તાના પરિપેક્ષમાં સુચારૂ કાર્ય થઈ શકે તે માટે તાજેતરમાં આચાર્ય ભરતી કરવામાં આવી તેમાં આપ બધાના સહિયારા સાથ અને પ્રયાસોથી આપણે પારદર્શક પ્રક્રિયા કરી શક્યા અને લગભગ ૧૩૧૨ આચાર્યોની નિમણૂંક કરવામાં સફળ રહ્યા, જે બદલ આપ સર્વેને અભિનંદન. બીજા તબક્કામાં આપણે સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી કરવા જઈ રહ્યા છીએ, પ્રક્રિયા સારી રીતે ચાલી રહી છે, ઉમેદવારો અને સમાજ તરફથી પણ હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે અને આ ભરતી પણ આપણે પારદર્શક રીતે પૂરી કરી શાળાને ઉદ્દાત ગુરુજનો પુરો પાડીશુ તેવો મને વિશ્વાસ અને આશા છે, તેમજ આપ સાથીઓ પર ભરોસો છે.

આ ભરતી પ્રક્રિયાના તબક્કામાંથી પસાર થતા સરકારી શાળાનું પ્રથમ પ્રોવિઝનલ મેરીટ આપણે પ્રસ્તુત કરી દીધુ છે. હવે આ મેરીટમાં પસંદ થયેલ ઉમેદવારો દ્વારા દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં એકસુત્રતા જળવાઈ રહે. સરકારશ્રીના ઠરાવો અને પરિપત્રો અન્વયે ભરતી પ્રક્રિયા થાય તે માટે એક માર્ગદર્શક પુસ્તિકા આપને આપવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. આ પુસ્તિકામાં આપની કક્ષાએથી શું કાળજી રાખવાની રહે છે તે સમગ્ર બાબત નિરૂપાયેલી છે. ભરતી પ્રક્રિયાની શરૂઆતથી ઉમેદવારોના ભરતીના પ્રશ્નો અને સમસ્યાઓનો કમિશનર શાળાઓની કચેરી અને તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ દ્વારા હકારાત્મક રીતે ઉકેલવાનો પ્રયત્ન થયેલ છે, પરંતુ આ લેખિત સ્વરૂપનો દસ્તાવેજ આપને મનની મૂંઝવણ તેમજ થોડેક અંશે રહેલી દ્વિધામાંથી મુક્ત કરશે તેવો મને વિશ્વાસ છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી સમિતીનો હરહંમેશ પ્રયત્ન રહેલ છે કે જિલ્લા કક્ષાએ આપના સાથી કે ઉમેદવારને કોઈ પ્રશ્ન નડતર રૂપ ન બને તેમજ જે ઉમદાહેતુથી ઉત્તમ, ઉત્કૃષ્ઠ અને ગુણવત્તાસભર સરકારશ્રીને શિક્ષણને બાળકો સુધી પહોંચાડવા માગે છે, તેવા સ્ત્રોતરૂપ શિક્ષકો પસંદ કરી શકીએ અને જ્ઞાનના પ્રવાહને ગુજરાતના વિકાસના વિકાસ માટે ગુણવત્તાસભર, ગુણોત્તરયુક્ત અને ગુણસંપન્ન બનાવી શકીએ.

ભૂતકાળના ભરતી પ્રસંગોના અનુભવોથી જણાયું છે કે, ડોક્યુમેન્ટ વેરીફિકેશન એ કોઇપણ ભરતી પ્રક્રિયાની પાયાની ચાવીરૂપ કામગીરી છે. આથી આ કામગીરી ખૂબજ કુનેહપૂર્વક અને કાળજીપૂર્વક થાય તે જોવાની જવાબદારી તમામની છે. તે બાબત પણ સૌના ધ્યાનમાં હોવી જોઇએ. ડોક્યુમેન્ટ વેરીફિકેશનની કામગીરીમાં કોઇ પણ પ્રકારની કચાસ કે ક્ષતિ કોઇ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. તેની પણ નોંધ લેવાની રહે.

મને વિશ્વાસ છે કે, આ ભરતી રૂપી યજ્ઞમાં આપની કુશાગ્ર અને કુનેહપુર્વકની આવડત શિક્ષણ જગતની ઉત્તમ સેવા આપશે તે નિર્વાદ છે.

શિવાસ્તુ પન્થા:

અધ્યક્ષ
ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી સમિતિ

# 1.પ્રસ્તાવના

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સરકારશ્રીના અસ્તિત્વ ધરાવતા સંબંધિત સ્થાયી ઠરાવો/જાહેરનામાઓની જોગવાઈઓ અન્વયે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી સમિતિ, ગુજરાત રાજ્ય દ્વારા રાજ્યની સરકારી તથા બિનસરકારી(અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખી અંદાજિત ૭૯૦૦ જેટલા શિક્ષણ સહાયકોની ભરતી વર્ષ: ૨૦૧૯-૨૦ દરમિયાન હાથ ધરવામાં આવેલ છે.

રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષણ સહાયકોની ભરતી અંતર્ગત તમામ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા ઉત્સુક ઉમેદવારો પોતાની અનુકૂળતાએ તથા સરળતાથી ઓનલાઇન અરજી કરી શકે તે પ્રકારનો સોફ્ટવેર **GIPL, Gandhinagar** દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ સોફ્ટવેરમાં લાયકાત ધરાવતા હજારો ઉમેદવારો દ્વારા અરજીઓ કરવામાં આવેલ છે. આ સમગ્ર પ્રક્રિયા પારદર્શક તથા ન્યાયિક બની રહે તે હેતુસર ઉમેદવારો દ્વારા ઓનલાઇન અરજીઓમાં દર્શાવેલ વિગતોની ચકાસણી અર્થે સમગ્ર રાજ્યમાં દરેક જિલ્લા મથકે ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. આમ, કુલ ૩૪ જેટલા જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર ખાતે પ્રથમ કામચલાઉ ગુણાંકન યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો દ્વારા પોતાની અનુકૂળતા મુજબના પસંદિત સેન્ટર પર પોતાના અરજી પત્રક /ગુણપત્રકો /પ્રમાણપત્રોની ચકાસણી કરાવશે.

સમગ્ર ભરતી પ્રક્રિયાની સફળતા માટે આધારસમા આ ડોક્યુમેન્ટ વેરીફીકેશનની કામગીરી ખૂબજ અગત્યની અને પાયારૂપ હોય,તમામ જિલ્લાઓમાં આ કામગીરી સરળ રીતે પારદર્શી તથા એકસૂત્રતાથી થઇ શકે તે હેતુસર ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટર પર કામગીરી સંભાળનાર અધિકારીઓ તથા કર્મચારીઓ માટે આ માર્ગદર્શિકા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

## 2.જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન કેન્દ્રોની યાદી

| ક્રમ | જિલ્લાનુ નામ | ડોક્યુમેન્ટ વેરીફિકેશન સેન્ટરનુ પુરૂ સરનામું |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | **સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ,**<br>લોયાલા હોલ, દર્પણ છ રસ્તા પાસે,નારણપુરા,અમદાવાદ. |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | **શેઠ અમુલખ વિદ્યાલય,**<br>વિશ્વનાથ મહાદેવ મંદિર પાસે, રંગત હોટેલની પાછળ, સરખેજ-ગાંધીનગર હાઇવે, ગોતા, અમદાવાદ. |
| ૩ | અમરેલી | **અંધશાળા,**<br>ચિતલ રોડ, ગોળ દવાખાના પાસે, અમરેલી-૩૬૫૬૦૧ તા.જિ. અમરેલી |
| ૪ | આણંદ | **સરદાર વલ્લભભાઇ પટેલ હાઇસ્કુલ (ખેતીવાડી)**<br>જાગનાથ મહાદેવ મંદિર પાસે, NDDB ગેટની સામે, આણંદ.-૩૮૮૦૦૧ |
| ૫ | અરવલ્લી | **સી.જી.બુટાલા સર્વોદય હાઇસ્કુલ,**<br>મોડાસા. બસ સ્ટેસન રોડ, તા.મોડાસા જિ.અરવલ્લી |
| ૬ | બનાસકાંઠા | **સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા,**<br>શશીવન(જહાંઆરા બાગ)ની પાસે,ડેરી રોડ,પાલનપુર, જિ.બનાસકાંઠા પિન કોડ નં. ૩૮૫૦૦૧ |
| ૭ | ભરૂચ | **એમીટી હાઇસ્કૂલ,**<br>દહેજબાયપાસ રોડ,શ્રવણ ચોકડી, ભરૂચ- ૦૨૬૪૨-૨૩૯૬૩૫ |
| ૮ | ભાવનગર | **શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય,**<br>જી.આઇ.ડી.સી. ચિત્રા, તા.જિ. ભાવનગર |
| ૯ | બોટાદ | **મોડેલ સ્કુલ,**<br>ખસ રોડ, બોટાદ. |
| ૧૦ | છોટા ઉદેપુર | **શ્રી એસ.એફ.હાઇસ્કુલ છોટાઉદેપુર,**<br>જિલ્લા સેવા સદનની સામે, તા.જિ.છોટાઉદેપુર પિન કોડ.૩૯૧૧૬૫ ફોન નં. ૦૨૬૬૯-૨૩૨૦૩૭ |
| ૧૧ | દાહોદ | **દાદરવાલા સભાગૃહ એમ વાય હાઇસ્કુલ,**<br>દાહોદ, સરદાર પટેલ રોડ, ગાંધી ગાર્ડનની સામે દાહોદ તા.જિ. દાહોદ પિન કોડ: ૩૮૯૧૫૧ |
| ૧૨ | ડાંગ | **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**<br>આહવા-ડાંગ. |
| ૧૩ | દેવભૂમી દ્વારકા | **જી.વી.જે.સરકારી હાઇસ્કુલ,**<br>હાઇસ્કુલ,સ્ટેશન રોડ-ખંભાળિયા તા.ખંભાળિયા જિ. દેવભુમિ દ્વારકા પિન કોડ. ૩૬૧૩૦૫ |
| ૧૪ | ગાંધીનગર | **સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર હાઇસ્કુલ,**<br>સિવિલ હોસ્પિટલ પાછળ, રાજપુત સમાજની વાડી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર. |
| ૧૫ | ગિર સોમનાથ | **જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,**<br>C/O,સરકારી બોયઝ હાઇસ્કુલ, રાજેન્દ્ર ભુવન રોડ, વેરવળ, જિ. ગિર સોમનાથ |
| ૧૬ | જામનગર | **ન્યુ દિગ્વિજયસિંહજી સરકારી હાઇસ્કુલ,**<br>ખંભાળિયા નાકા બહાર,જામનગર. |

| | | |
|---|---|---|
| ૧૭ | જુનાગઢ | **ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કુલ,**<br>આઝાદ ચોક,જૂનાગઢ. |
| ૧૮ | ખેડા | **જીવન વિકસ એજ્યુકેશન એકેડમી,**<br>આશ્રમ રોડ, ઓવરબ્રિજ પાસે, નડિયાદ-૩૮૭૦૦૧, જિ. ખેડા |
| ૧૯ | કચ્છ | **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,(DIET-BHUJ)**<br>જુના એસ.ટી.બસ સ્ટેશનની સામે,ભુજ-કચ્છ પિન કોડ-૩૭૦૦૦૧,ફોન.૦૨૮૩૨-૨૨૧૪૯૧ |
| ૨૦ | મહિસાગર | **પંચશીલ હાઇસ્કુલ, લુણાવાડા**<br>એસ.ટી.વર્કશોપની સામે- લુણાવાડા. |
| ૨૧ | મહેસાણા | **ટી.જે.હાઇસ્કુલ, મહેસાણા**<br>તા.જિ.મહેસાણા, હૈદરી ચોકની નજીક,કોંગ્રેસ ભવનની સામે, મહેસાણા. |
| ૨૨ | મોરબી | **ધી વી.સી. ટેકનીકલ હાઇસ્કુલ,**<br>ગેસ્ટ હાઉસ રોડ, વી.સી. ફાટક પાસે, મોરબી-૩૬૩૬૪૧ ફોન નં. ૦૨૮૨૨-૨૩૧૬૩૯ |
| ૨૩ | નર્મદા | **જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**<br>જિલ્લા સેવા સદન, રાજપીપળા તા.નાંદોદ(રાજપીપળા) જિ.નર્મદા. |
| ૨૪ | નવસારી | **શેઠ પુ.હ.વિદ્યાલય(સંસ્કાર ભારતી),**<br>આશાપુરી મંદિરની સામે, દુધિયા તળાવ પાસે, વિજલપોર, જિ.નવસારી. ફોન નં. ૦૨૬૩૭-૨૫૭૨૪૦ |
| ૨૫ | પંચમહાલ | **સરકારી તેલંગ વાણિજ્ય વિદ્યાલય,**<br>સિવિલ હોસ્પિટલની સામે, ગોધરા, જિ. પંચમહાલ |
| ૨૬ | પાટણ | **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય,**<br>ફાટીપાળ દરવાજા બહાર,પાટણ તા.જિ.પાટણ |
| ૨૭ | પોરબંદર | **સરકારી ભાવસિંહજી હાઇસ્કુલ,**<br>એસ.ટી. બસ સ્ટેન્ડ ની સામેની બાજુ પોરબંદર - ૩૬૦૫૭૫ |
| ૨૮ | રાજકોટ | **શ્રી કરણસિંહજી હાઇસ્કુલ,**<br>ભુપેન્દ્ર રોડ, સીટી ગેસ્ટ હાઉસ સામે, રાજેશ્રી સિનેમા પાસે, મુ. રાજકોટ ફોન નં. ૦૨૮૧-૨૨૨૬૮૮૯ |
| ૨૯ | સાબરકાંઠા | **હિંમત હાઇસ્કુલ,**<br>ટાવર પાસે, હિંમતનગર ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૦૩૫ |
| 30 | સુરત | **સર. વી.ડી.ટી.ગર્લ્સ (વનિતા વિશ્રામ) હાઇસ્કુલ,**<br>અઠવાલાઇન્સ, સુરત. |
| 3૧ | સુરેન્દ્રનગર | **શ્રી આર.એ.પટેલ બોય્ઝ હાઇસ્કુલ,**<br>કડવા પાટીદાર બોર્ડીંગ,૬૦ ફીટ રોડ,કે.પી. એજ્યુકેશન કેમ્પસ,લૉ કોલેજની નજીક, વઢવાણ સીટી, સુરેન્દ્રનગર.-૩૬૩૦૩૫ |
| ૩૨ | તાપી | **દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય,**<br>વ્યારા તા.વ્યારા જિ. તાપી. ટેલીફોન નં. ૦૨૬૨૬-૨૨૨૬૦૬ |
| ૩૩ | વડોદરા | **ઉર્મિ સ્કૂલ,**<br>સમા રોડ, વડોદરા. |
| ૩૪ | વલસાડ | **બાઇ આવાંબાઇ હાઇસ્કુલ,**<br>હાલર રોડ, વલસાડ જિ.વલસાડ ફોન નં. ૦૨૬૩૦-૨૫૪૧૩૮ |

# 4. વિષયાનુસાર શૈક્ષણિક/વ્યવસાયિક લાયકાતના ધોરણો–માપદંડો

## A. વિભાગ: – ઉચ્ચતર માધ્યમિક

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત અને વિષયો (બી.એડ / શિક્ષા વિશારદ / ડીબીએડ / G.B.T.C. / શિક્ષા શાસ્ત્રી) | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત [એમ.એડ / શિક્ષા પારંગત (જો ધરાવતા હોય તો)]★ | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ–૧ નો વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ–૨ નો વિષય | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ગણિત | બી.એસ.સી. | ગણિતની તમામ શાખાઓ | એમ.એસ. સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેક્નોલોજી | | એમ.એડ. / શિક્ષા પારંગત | ગણિત | ૨૦(૩) (૨) |
| ૨ | ભૌતિક વિજ્ઞાન | બી.એસ.સી. | ભૌતિકશાસ્ત્રની તમામ શાખાઓ | એમ.એસ. સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેક્નોલોજી અથવા વિજ્ઞાનની કોઈ પણ વિદ્યાશાખાના બે વિષયો | | એમ.એડ. / શિક્ષા પારંગત | ભૌતિકવિજ્ઞાન | ૨૦(૩) (૨) |
| ૩ | રસાયણ વિજ્ઞાન | બી.એસ.સી. | રસાયણશાસ્ત્ર ની તમામ શાખાઓ | એમ.એસ. સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેક્નોલોજી અથવા વિજ્ઞાનની કોઈ પણ વિદ્યાશાખાના બે વિષયો | | એમ.એડ. / શિક્ષા પારંગત | રસાયણવિજ્ઞાન | ૨૦(૩) (૨) |
| ૪ | જીવ વિજ્ઞાન | બી.એસ.સી. | જીવવિજ્ઞાનની તમામ શાખાઓ | એમ.એસ. સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેક્નોલોજી અથવા વિજ્ઞાનની કોઈ પણ વિદ્યાશાખાના બે વિષયો | | એમ.એડ. / શિક્ષા પારંગત | જીવવિજ્ઞાન | ૨૦(૩) (૨) |
| ૫ | ગુજરાતી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ગુજરાતી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર. એસ. | ગુજરાતી | ગુજરાતી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | ગુજરાતી | ૨૦(૩) (૨) |
| ૬ | હિન્દી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | હિન્દી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર. એસ. | હિન્દી | હિન્દી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | હિન્દી | ૨૦(૬) (૨) |
| ૭ | અંગ્રેજી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | અંગ્રેજી | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર. એસ. | અંગ્રેજી | અંગ્રેજી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | અંગ્રેજી | ૨૦(૩) (૨) |
| ૮ | અર્થ શાસ્ત્ર | બી.એ. / બી.કોમ / બી.આર.એસ. | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓ | એમ.એ. / એમ.કોમ / એમ.આર. એસ. | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓ | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | અર્થશાસ્ત્ર | ૨૦(૩) (૨) |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | સંસ્કૃત | બી.એ. અથવાશાસ્ત્રી (બી.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | એમ.એ. અથવાઆચાર્ય (એમ.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | સંસ્કૃત | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | સંસ્કૃત | ૨૦(૬) (૨) |
| ૧૦ | આંકડા શાસ્ત્ર | બી.કોમ./ બી.એ./ બી.એસ.સી. | આંકડાશાસ્ત્ર / ગણિત | એમ.કોમ./ એમ.એ./ એમ.એસ. સી. | આંકડાશાસ્ત્ર | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | આંકડાશાસ્ત્ર | ૨૦(૩) (૨) |
| ૧૧ | તત્વ જ્ઞાન | બી.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | એમ.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્ર | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | તત્વજ્ઞાન | ૨૦(૩) (૨) |
| ૧૨ | સમાજ શાસ્ત્ર | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | સમાજશાસ્ત્ર | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર. એસ. | સમાજશાસ્ત્ર | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | સમાજશાસ્ત્ર | ૨૦(૩) (૨) |
| ૧૩ | મનો વિજ્ઞાન | બી.એ. | મનોવિજ્ઞાન | એમ.એ. | મનોવિજ્ઞાન | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | મનોવિજ્ઞાન | ૨૦(૩) (૨) |
| ૧૪ | ભૂગોળ | બી.એ. / બી.એસ.સી. | ભૂગોળ | એમ.એ. / એમ.એસ. સી. | ભૂગોળ | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | ભૂગોળ | ૨૦(૩) (૨) |
| ૧૫ | ઈતિહાસ | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ઈતિહાસ | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર. એસ. | ઈતિહાસ | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | ઈતિહાસ | ૨૦(૩) (૨) |
| ૧૬ | નામાના મૂળતત્વો | બી.કોમ. | વાણિજ્ય શાખાનો કોઈપણ વિષય | એમ.કોમ | વાણિજ્ય શાખાનો કોઈપણ વિષય | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | કોમર્સ | ૨૦(૩) (૨) |
| ૧૭ | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | | | | | | | | | |
| ૧૮ | સેક્રેટરીયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય પત્ર વ્યવહાર (એસ.પી. સી.સી.) | | | | | | | | | |
| ૧૯ | કમ્પ્યુટર અધ્યયન | BCA અથવા B.Sc.(IT) અથવા B.E./B.Tech (Computer / Computer Science) અથવા B.E./B.Tech .(IT) અથવા B.Sc. (Computer / Computer Science) | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોલમ-(૩) માં દર્શાવેલ સ્નાતક કક્ષાની પદવીમાં જ અનુસ્નાતક ની પદવી | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | કમ્પ્યુટર | ૨૦(૫) (૨) |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | કૃષિ વિદ્યા | બી.આર.એસ. અથવા બી.એસ.સી.( એગ્રી) | કૃષિ વિદ્યા | એમ.આર. એસ અથવા એમ.એસ. સી.(એગ્રી) અથવા એમ.આર. એમ.(માસ્ટ ર ઑફ રૂરલ મેનેજમેન્ટ) | કૃષિ વિદ્યા | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઇ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | કૃષિ વિદ્યા | ૨૦(૩)(૨) |

| |
|---|
| * ઉચ્ચતર માધ્યમિક શાળામાં / ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટે વિનિયમ-૨૦(૩)(૨), ૨૦(૫)(૨), ૨૦(૬)(૨), અને ૨૦(૮)(૨) માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. પરંતુ અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઇ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય અને જો ઉચ્ચતર માધ્યમિક વિભાગની શિક્ષક / શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવાપાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે. |
| * ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે. ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે. |
| * ઉમેદવારે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT- HIGHER SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. પરંતુ<br><br>(૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT HIGHER SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.<br><br>(૨) ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT HIGHER SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઇશે. |
| (૩) કૃષિ-ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT-HIGHER SECONDARY) માત્ર ગુજરાતી માધ્યમમાં જ યોજવામાં આવશે. |

## B. વિભાગ: – માધ્યમિક

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો)★ | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત અને વિષયો (બી.એડ / શિક્ષા વિશારદ / ડીબીએડ / G.B.T.C. / શિક્ષા શાસ્ત્રી) | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત [એમ.એડ / શિક્ષા પારંગત (જો ધરાવતા હોય તો)]★ | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ–૧ નો વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ–૨ નો વિષય | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ગુજરાતી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | ગુજરાતી | એમ.એ./ સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | ગુજરાતી | ગુજરાતી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ગુજરાતી | ૨૦(૩)(૧) |
| ૨ | હિન્દી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | હિન્દી | એમ.એ./ સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | હિન્દી | હિન્દી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | હિન્દી | ૨૦(૬)(૧) |
| ૩ | અંગ્રેજી | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. | અંગ્રેજી | એમ.એ./ સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. | અંગ્રેજી | અંગ્રેજી | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અંગ્રેજી | ૨૦(૩)(૧) |
| ૪ | સામાજિક વિજ્ઞાન | બી.એ. / સમાજવિદ્યા વિશારદ / બી.આર.એસ. / બી.એસ.સી. | ઈતિહાસ અથવા ભુગોળ અથવા નાગરીકશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા રાજ્યશાસ્ત્ર અથવા સમાજશાસ્ત્ર | એમ.એ. / સમાજવિદ્યા પારંગત / એમ.આર.એસ. / એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી કોઈ એક વિષયમાં અનુસ્નાતક | ઈતિહાસ / ભુગોળ / નાગરીકશાસ્ત્ર / અર્થશાસ્ત્ર / રાજ્યશાસ્ત્ર / સમાજશાસ્ત્ર / સામાજિક વિજ્ઞાન | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સામાજિક વિજ્ઞાન | ૨૦(૩)(૧) |
| ૫ | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | બી.એસ.સી. | ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકી કોઈ પણ વિષયની વિદ્યાશાખામાં સ્નાતક | એમ.એસ.સી. | કોલમ-(૪) માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | | એમ.એડ./ શિક્ષા પારંગત | ગણિત અને વિજ્ઞાન & ટેકનોલોજી | ૨૦(૩)(૧) |
| ૬ | સંસ્કૃત | બી.એ. અથવા શાસ્ત્રી (બી.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | એમ.એ. અથવા આચાર્ય (એમ.એ. ઈન સંસ્કૃત) | સંસ્કૃત | સંસ્કૃત | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | સંસ્કૃત | ૨૦(૬)(૧) |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | કમ્પ્યુટર અધ્યયન | BCA અથવા<br>B.Sc.(IT) અથવા<br>B.E./B.Tech(Computer / Computer Science) અથવા<br>B.E./B.Tech.(IT) અથવા<br>B.Sc. (Computer / Computer Science) | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોલમ-(૩) માં દર્શાવેલ સ્નાતક કક્ષાની પદવીમાં જ અનુસ્નાતકની પદવી | કમ્પ્યુટર અથવા કમ્પ્યુટર સાયન્સ | કોઈપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | કમ્પ્યુટર | ૨૦(૫)(૧) |
| ૮ | કૃષિ વિદ્યા | બી.આર.એસ. અથવા<br>બી.એસ.સી.(એગ્રી) | કૃષિ વિદ્યા | એમ.આર.એસ | કૃષિ વિદ્યા | કોઇપણ વિષય | કોલમ-(૭) માં દર્શાવેલ પદ્ધતિ-૧ સિવાયનો અન્ય કોઈ એક વિષય | એમ.એડ. / શિક્ષા પારંગત | કૃષિ વિદ્યા | ૨૦(૩)(૧) |

* માધ્યમિક શાળામાં / માધ્યમિક વિભાગમાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટે વિનિયમ-૨૦(૩)(૧), ૨૦(૪), ૨૦(૫)(૧), ૨૦(૬)(૧), ૨૦(૭) અને ૨૦(૮)(૧) માં નિયત કરેલ લઘુત્તમ લાયકાત જરૂરી છે. ઉપરાંત અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને / અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત માધ્યમિક વિભાગ માટે ફરજીયાત નથી પરંતુ જો કોઇ અરજદારે નિયત કરેલ જે તે વિષય માટેની લઘુત્તમ લાયકાત ઉપરાંત ઉપરના પરિશિષ્ટમાં દર્શાવેલ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક અને / અથવા અનુસ્નાતક વ્યવસાયિક લાયકાત ધરાવતા હોય અને જો શિક્ષક / શિક્ષણ સહાયક ભરતી માટે ગુણાંકન નિયમોનુસાર મળવાપાત્ર હશે તો જ તે વધારાની અનુસ્નાતક લાયકાતના ગુણાંકન મળવાપાત્ર થશે.

* માધ્યમિક શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં યોજવામાં આવશે ઉમેદવાર પોતાની પસંદગી અનુસાર કોઈ એક માધ્યમમાં પરીક્ષા આપી શકશે.

* ઉમેદવારે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ પૈકી કોઇ એક માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી- માધ્યમિક (TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમમાં શૈક્ષણિક કાર્ય કરતી શાળામાં જ એટલે કે જે માધ્યમમાં શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક(TAT-SECONDARY) ઉત્તીર્ણ કરેલ હશે તે જ માધ્યમની શાળામાં શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે નિમણૂંક મેળવવા માટે પાત્ર ઠરશે. પરંતુ

(૧) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના શિક્ષક સિવાયની અન્ય ભાષાઓના શિક્ષક માટે TAT SECONDARY ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઈ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.

(૨) ગુજરાતી / હિન્દી / અંગ્રેજી માધ્યમ સિવાયના અન્ય માધ્યમની શાળાઓ માટે ભાષા સિવાયના વિષયો માટે TAT SECONDARY ગુજરાતી / હિન્દી /અંગ્રેજી પૈકી કોઇ એક માધ્યમમાં ઉત્તીર્ણ કરેલી હોવી જોઈશે.

(૩) કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂંક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી-માધ્યમિક (TAT-SECONDARY) માત્ર ગુજરાતી માધ્યમમાં જ યોજવામાં આવશે.

## 6.ગુણાંકન પદ્ધતિ

★ **માધ્યમિક વિભાગ– TAT SECONDARY** પરીક્ષા પાસ + સંબંધીત વિષયમાં શૈક્ષણીક સ્નાતક+વ્યવસાયિક સ્નાતક [વિષયવાર લાયકાતો નું પત્રક સાથે સામેલ]

**70%TAT SECONDARY** +30% શૈક્ષણીક લાયકાતો

**૭૦% ભારાંકનની ગણતરી**

ઉમેદવારે બોર્ડ દ્વારા યોજાયેલી શિક્ષક અભિરૂચિ કસોટી**(TAT Secondary)** માં ૨૦૦ ગુણમાંથી ૧૨૫ ગુણ મેળવેલા હોય તો પસંદગી માટે ૧૨૫ **x** ૭૦/૨૦૦=૪૩.૭૫ મેળવે છે.

**30% શૈક્ષણીક લાયકાતો નું ગુણાંકન**

| ક્રમ | લાયકાત | મહતમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલ ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| **1** | સંબંધીત વિષયમાં શૈક્ષણીક સ્નાતક **[BA/B.SC/BRS/**કોમ્પ્યુટર માટે સ્નાતક કક્ષાએ નિશ્ચિત થયેલ લાયકાતો**]** | 10 | 60 | 6.0 |
| **2** | સંબંધીત વિષયમાં શૈક્ષણીક અનુસ્નાતક **[MA/M.SC/**કોમ્પ્યુટર માટે અનુસ્નાતક કક્ષાએ નિશ્ચિત થયેલ લાયકાતો**] [**જે લાયકાત ધરાવતા હોય તો**]** | 10 | 80 | 8.0 |
| **3** | વ્યવસાયિક સ્નાતક **[B.ed/D.B.ed./GBTC/SHIXA VISHARAD]** | 05 | 60 | 3.0 |
| **4** | વ્યવસાયિક અનુસ્નાતક **[M.ed/SHIXA PARANGAT] [**જે લાયકાત ધરાવતા હોય તો**]** | 05 | 60 | 3.0 |
| | **કુલ** | **30** | | **20** |

★ **ઉચ્ચતર માધ્યમિક વિભાગ –**

**TAT HIGHER SECONDARY** પરીક્ષા પાસ + સંબંધીત વિષયમાં શૈક્ષણીક સ્નાતક+ સંબંધીત વિષયમાં શૈક્ષણીક અનુસ્નાતક +વ્યવસાયિક સ્નાતક [વિષયવાર લાયકાતો નું પત્રક સાથે સામેલ]

**70%TAT HIGHER SECONDARY** +30% શૈક્ષણીક લાયકાતો

## ૭૦% ભારાંકનની ગણતરી

ઉમેદવારે બોર્ડ દ્વારા યોજાયેલી શિક્ષક અભિરૂચિ કસોટી(**TAT Higher Secondary**) માં ૨૦૦ ગુણમાંથી ૧૨૫ ગુણ મેળવેલા હોય તો પસંદગી માટે ૧૨૫ **X** ૭૦/૨૦૦=૪૩.૭૫ મેળવે છે.

## 30% શૈક્ષણીક લાયકાતો નું ગુણાંકન

| ક્રમ | લાયકાત | મહતમ ગુણ | ઉદાહરણ તરીકે | |
|---|---|---|---|---|
| | | | ઉમેદવારે મેળવેલ ટકાવારી | ઉમેદવારે મેળવેલી ટકાવારીના આધારે પાત્ર ગુણ (કોલમ ૩ x કોલમ ૪/૧૦૦) |
| 1 | સંબંધીત વિષય માં શૈક્ષણીક સ્નાતક **[BA/B.SC/B.com/**કોમ્પ્યુટર માટે સ્નાતક કક્ષાએ નિશ્ચિત થયેલ લાયકાતો**]** | 10 | 70 | 7.0 |
| 2 | સંબંધીત વિષયમાં શૈક્ષણીક અનુસ્નાતક **[MA/M.SC/M.com/**કોમ્પ્યુટર માટે અનુસ્નાતક કક્ષાએ નિશ્ચિત થયેલ લાયકાતો**]** | 10 | 60 | 6.0 |
| 3 | વ્યવસાયિક સ્નાતક **[B.ed/D.B.ed./GBTC/SHIXA VISHARAD]** | 05 | 80 | 4.0 |
| 4 | વ્યવસાયિક અનુસ્નાતક **[M.ed/SHIXA PARANGAT ] [**જો લાયકાત ધરાવતા હોયતો ] | 05 | 60 | 3.0 |

## ૪.ડોક્યુમેન્ટ્સની અરજી ફોર્મ સાથે ચેકલીસ્ટ અનુસાર ચકાસણીની કામગીરી

➢ **ડોક્યુમેન્ટ વેરીફીકિશન સેન્ટર ઉપર અરજી ફોર્મ રીસીવ કરતાં પહેલાં મેન્યુઅલી ચકાસણીની વિગતો .**

- ❖ અરજી ફોર્મ સાથે જોડેલ જરૂરી ગુણપત્રકો/પ્રમાણપત્રકોની સેલ્ફ અટેસ્ટેડ ઝેરોક્ષ નકલની અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરવી. અસલ પ્રમાણપત્રો જોવા અનિવાર્ય છે. ઉમેદવારના તમામ ગુણપત્રકો/પ્રમાણપત્રકોની સેલ્ફ અટેસ્ટેડ ઝેરોક્ષ નકલ પર ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરનાર કર્મચારીએ કાઉંટર સાઇન કરવાની રહેશે. અરજદારના અરજી પત્રક અન્વયે ચેક-લીસ્ટ હાર્ડ કોપીમાં આપે ડીઇઓ લોગ ઇન માં જઈ મેળવવાનું રહેશે, જેમાં ચકાસણી કરી ચકાસનારનું નામ અને હોદ્દો દર્શાવી, સહિ કરવાની રહેશે.
- ❖ ચેકલીસ્ટનો નમુનો નીચે આપેલ છે. ચેકલીસ્ટના ક્રમમાં જ ગુણપત્રકો/પ્રમાણપત્રકોની સેલ્ફ અટેસ્ટેડ ઝેરોક્ષ નકલ અરજીપત્રક સાથે જોડાવી અરજી સ્વીકારવી.
- ❖ ઉમેદવાર દ્વારા રજૂ કરાયેલ ઓનલાઇન અરજી સાથે રજૂ કરાયેલ તમામ ગુણપત્રકો / પ્રમાણપત્રો / અન્ય આધારો ઓનલાઇન અરજી સાથે સુસંગત છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.
- ❖ આ ચકાસણી દરમ્યાન ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતો અને રજુ કરેલ આધારો વચ્ચે વિસંગતતા જણાય તો તેને ચેકલિસ્ટના રિમાર્કસના કોલમમાં તેમજ ડીઇઓ લોગ ઇન માં જઈ રીમાર્કસના કોલમમાં સ્પષ્ટ પણે અચુક દર્શાવવી.
- ❖ આ ચકાસણી દરમ્યાન ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતો અને રજુ કરેલ આધારો વચ્ચે વિસંગતતા જણાય તો તે અન્વયેની નોંધ રિમાર્કસમાં કર્યા બાદ, વિસંગતતા હોવા છતાં પણ અરજદાર પાસેથી ઓનલાઈન અરજી અને રજુ કરેલ તમામ આનુસંગીક આધારો આપે બિનઅચૂક સ્વીકારવાના જ રહેશે.
- ❖ ઉમેદવારની અરજી સ્વિકાર્યા બાદ ડી.ઇ.ઓ. લોગ ઇન માંથી પહોચ જનરેટ કરી, ચકાસણી કરનારે તેની ઉપર સહી કરી અરજી સ્વિકારવા બદલ ઉમેદવારને આપવાની રહેશે.
- ❖ કોઈ પણ ઉમેદવારની અરજીનો આપની કક્ષાએથી અસ્વીકાર કરી શકાશે નહીં. અરજદારની અરજી રદ કરવા અંગે ભરતી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

# ચેકલીસ્ટનો નમૂનો

**બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી–૨૦૨૧( જાહેરાત ક્રમાંક:૧૯/૨૦૨૧ થી ૨૬/૨૦૨૧)**

**અરજી ચકાસણી ફોર્મ નં.૨ (ચેકલીસ્ટ)**

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**

**કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લૉક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.**

| **માધ્યમ:** | **વિષય:** |
|---|---|

**ડોક્યુમેન્ટ વેરીફિકેશનનો જીલ્લો :** **ડોક્યુમેન્ટ વેરીફિકેશનની તારીખ અને સમય:**

| ક્રમ | વિગત | | પ્રમાણપત્રોની વિગત | ચકાસેલ છે? (હા/ના) | યોગ્ય જણાયેલ છે? (યોગ્ય/ અયોગ્ય) | અયોગ્યતા અંગેના રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ફોર્મ નંબર | | | | | |
| ૨ | ઉમેદવારનું નામ | | જે નામ/અટકમાં ફેરફાર હોય તો તે અંગેનો માન્ય આધાર | | | |
| ૩ | જાતિ | | | | | |
| ૪ | જન્મ તારીખ | | શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર | | | |
| ૫ | કેટેગરી | | જાતિ અંગેનું પ્રમાણપત્ર | | | |
| ૬ | હેન્ડીકેપ પ્રમાણપત્ર તારીખ | | અપંગતાનું પ્રમાણપત્ર | | | |
| ૭ | માજીસૈનિક | | માજીસૈનિક પ્રમાણપત્ર | | | |
| ૮ | નોન-ક્રિમિલિયર પ્રમાણપત્ર તારીખ | | પ્રમાણપત્ર | | | |
| ૯ | EWS પ્રમાણપત્ર તારીખ | | પ્રમાણપત્ર | | | |
| ૧૦ | કમ્પ્યુટર જાણકારી | | કમ્પ્યુટર જાણકારી અંગેનુ પ્રમાણપત્ર/કોઇપણ લાયકાતની માર્કશીટ | | | |
| ૧૧ | વિધવા પ્રમાણપત્ર તારીખ | | પ્રમાણપત્ર | | | |
| ૧૨ | આધારકાર્ડ નંબર | | આધારકાર્ડ | | | |
| ૧૩ | સરકારી/ગ્રાન્ટેડ સંસ્થાના નિમણૂક સત્તા મંડળ પાસેથી મેળવેલ એન.ઓ.સી.ની તારીખ | | એન.ઓ.સી. | | | |
| ૧૪ | સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થામાં કાર્યરત શિક્ષકોએ રજુ કરવાની બાહેધરીનો નમૂનો | | બાહેધરી | | | |
| | જે ઉમેદવારો કોઈપણ જગ્યાએ નોકરીમાં કાર્યરત નથી તેઓએ રજુ કરવાનો સોગંદનામાનો નમૂનો | | સોગંદનામુ | | | |
| | જે ઉમેદવારો ખાનગી શાળામાં કે શિક્ષક સિવાય અન્ય કોઈ સંવર્ગમાં કાર્યરત છે તેમને રજુ કરવાના સોગંદનામાનો નમૂનો | | સોગંદનામુ | | | |

| | લાયકાત | યુનિવર્સિટી નામ અને રાજ્ય | લાયકાતનુ વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકા | મેરીટ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ટાટ પરીક્ષા | | | | | | | ટાટ માર્કશીટ | | | |
| | શૈક્ષણિક સ્નાતક | | | | | | | ૧. માર્કશીટ | | | |
| | | | | | | | | ૨.ડિગ્રી પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૩. ટ્રાયલ પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૪.કુલ ગુણ/મેળવેલ ગુણનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) | | | |
| | શૈક્ષણિક અનુસ્નાતક (જો લાગુ પડતુ હોય તો) | | | | | | | ૧. માર્કશીટ | | | |
| | | | | | | | | ૨.ડિગ્રી પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૩. ટ્રાયલ પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૪. કુલ ગુણ/મેળવેલ ગુણનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) | | | |
| | વ્યાવસાયિક સ્નાતક | | | | | | | ૧. માર્કશીટ | | | |
| | | | | | | | | ૨.ડિગ્રી પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૩. ટ્રાયલ પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૪.કુલ ગુણ/મેળવેલ ગુણનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) | | | |
| | | | | | | | | NCTE/RCI માન્યતાનુ પ્રમાણપત્ર | | | |
| | વ્યાવસાયિક અનુસ્નાતક (જો લાગુ પડતુ હોય તો) | | | | | | | ૧. માર્કશીટ | | | |
| | | | | | | | | ૨.ડિગ્રી પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૩. ટ્રાયલ પ્રમાણપત્ર | | | |
| | | | | | | | | ૪.કુલ ગુણ/મેળવેલ ગુણનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) | | | |
| | | | | | | | | NCTE/RCI માન્યતાનુ પ્રમાણપત્ર | | | |
| | | | | | | કુલ મેરીટ | | | | | |
| ૧૬ | ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજમાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરવાનો રહેશે. | | | | | | | | | | |

માહિતી/પ્રમાણપત્રો ચકાસણી કરનાર

ભરતી નોડલ અધિકારીની સહી : ____________________

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી : ____________________

નામ: ____________________

ઉમેદવારની સહી: ____________________

સહી: ____________________

## ચેકલિસ્ટ મુજબ રજુ કરેલ આધારોની ચકાસણી અન્વયે અમલીકરણની સૂચનાઓ

1) **ઉમેદવારના નામ / અટક બાબત જરૂરી આધારો**

- ✓ જે ઉમેદવારોના વિવિધ પ્રમાણપત્રકો/ગુણપત્રકો/અન્ય રજુ કરાયેલ આધારોમાં નામ/અટકમાં ફેરફાર હોય તો ફેરફાર અન્વયે સોગંદનામુ/ સરકારી ગેઝેટની નકલ (મોટો તફાવત હોય તેવા કિસ્સાઓમાં)/ પરિણીત મહિલા ઉમેદવારના કિસ્સામાં જે ઉમેદવારે પોતાના નામની પાછળ પતિનુ નામ દર્શાવેલ હોય તે માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ ઉમેદવારોએ રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

2) **શાળા છોડ્યાનું પ્રમાણપત્ર**

- ✓ ઉમેદવારની જન્મ તારીખ બાબતની ચકાસણી શાળા છોડ્યાના પ્રમાણપત્ર આધારિત કરવાની રહેશે.
- ✓ ફક્ત સરકારી શાળાની અરજીઓ માટે: ઉમેદવારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ અન્વયે સૂચવેલ વય મર્યાદા અંગેની જોગવાઇઓ પરીપૂર્ણ કરે છે તે બાબતની ચોક્કસાઇપૂર્વક ચકાસણી કરવાની રહેશે. વયમર્યાદા બાબતની વધુ સ્પષ્ટતાઓ મોડ્યૂલમાં દર્શાવેલ છે.

3) **ટાટની માર્કશીટ**

- ✓ ઉમેદવાર દ્વારા રજૂ કરાયેલ ટાટના ગુણપત્રક વર્ષ-૨૦૧૮ માં લેવાયેલ ટાટ પરીક્ષા અન્વયે છે કે કેમ તે ચકાસવુ તથા જો નામ/અટક માં સુધારો હોય તો તે અન્વયે મોડ્યૂલમાં દર્શાવેલ નામ/અટકમાં સુધારા અન્વયેના આધારો મેળવવાના રહેશે.
- ✓ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૩) માં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ શિક્ષક માટે નિશ્ચિત થયેલ વિષય/માધ્યમ અનુસાર ઉમેદવાર ટાટની લાયકાતો ધરાવે છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે. આ બાબતના વિષયવાર કોષ્ટક મોડ્યુલમાં સામેલ કરવામાં આવેલ છે.( ઠરાવની નકલ પરીશિષ્ટમાં સામેલ છે.)

4) **જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)**

- ✓ ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજીમાં દર્શાવવામાં આવેલ અનામત વર્ગ (અનુ.જાતિ, અનુ. જન જાતિ અને સા.શૈ.પ.વર્ગ) માટે ઉમેદવાર દ્વારા રજુ દ્વારા રજૂ કરાયેલ સમક્ષ અધિકારીનું સંબંધિત જાતિ પ્રમાણપત્રની નકલની ચકાસણી કરવાની રહેશે.

5) **નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ (જો લાગુ પડતુ હોય તો)**

i. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ (નોન ક્રિમિલેયર સર્ટીફિકેટ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૧૧/૯૫, તા.૦૬/૦૨/૯૬, તથા અન્ય સંબંધિત ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક / પરિશિષ્ટ-૪ના નમૂનામાં રજુ કરવાનું રહેશે. ઉમેદવારોએ અંગ્રેજીમાં Annexure-A રજુ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

ii. ઉક્ત વિગતે જાહેરાતની છેલ્લી તારીખે પ્રમાણપત્રની અવધિ જળવાય છે કે કેમ તેની ચકાસણી અર્થે બિન ઉન્નત વર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર માટેના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તા.૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ અન્વયે......

1) જે ઉમેદવારોએ તા.૦૧/૦૪/૧૬ થી તા.૩૧/03/૧૭ સુધીના સમયગાળામાં ગમે ત્યારે બિન ઉન્નત વર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ હોય અને તેની ત્રણ વર્ષની અવધિ તા.૩૧/03/૨૦૧૯ના રોજ પુર્ણ થયેલ હોય અને ત્યારબાદ જો ઉમેદવારએ નવેસરથી બિન ઉન્નત વર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ ન હોય તો તેવા ઉમેદવારોએ આ નાણાકિય વર્ષ-૨૦૨૦-૨૧ પુરતુ નવેસરથી પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા નથી. આ રીતે તા.૩૧/03/૨૦૧૯ ના રોજ પુર્ણ થયેલ બિન ઉન્નત વર્ગનું(Non creamy layer) આ પ્રમાણપત્રોની અવધિ તા.૩૧/03/૨૦૨૧ સુધી લંબાવવા ઠરાવવામાં આવે છે.

2) તદ્ઉપરાંત જે ઉમેદવારોએ તા.૧/૪/૧૭ થી તા.૩૧/૩/૧૮ સુધીમાં ગમે ત્યારે બિન ઉન્નત વર્ગનું (Non creamy layer) પ્રમાણપત્ર મેળવેલ હોય અને તેની અવધિ તા.૩૧/૩/૨૦૨૦ ના રોજ પુર્ણ થયેલ છે, તે પ્રમાણપત્રો માટેની અવધિમાં પણ વધારો કરી આ અવધિ તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવા ઠરાવવામાં આવે છે.

3) પરંતુ ઉપર અનુક્રમ નંબર 1) અને 2) માં જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગનું(Non creamy layer) પ્રમાણપત્ર અવધિ (સમયમર્યાદા)નો લાભ લેતાં અગાઉ ઉમેદવારે સંબંધિત ભરતી સંસ્થા અથવા સંબંધિત અભ્યાસક્રમો માટેની પ્રવેશ કમિટી સમક્ષ તેના બિન ઉન્નત વર્ગના દરજ્જા (Non creamy layer status)માં કોઇ ફેરફાર થયેલ નથી અને તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે, **તે અંગે આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમુનામાં સાદા કાગળ પર બાંહેધરી આપવાની રહેશે**.(બાંહેધરી પત્રકનો નમુનો વેબસાઇટ પર મુકેલ છે.)

**iii.** પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહી.

**6) ઈ.ડબલ્યુ.એસ. સર્ટીફિકેટ**

I. સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવથી ઇ.ડબલ્યુ.એસ. માટે વધારના ૧૦% અનામતની નીતી લાગુ કરેલ છે જે અન્વયે સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવથી પ્રમાણપત્ર આપવાની નીતી નિશ્ચિત થયેલ છે.

II. EWS (આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ) સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૯ તથા તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવની જોગવાઇ મુજબ પરિશિષ્ટ-ગ માં પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તે ચકાસવાનુ રહેશે.

III. ઉક્ત વિગતે જાહેરાતની છેલ્લી તારીખે પ્રમાણપત્રની અવધી જળવાય છે કે કેમ તેની ચકાસણી કરવી. આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટેના પ્રમાણપત્ર અંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦3/અ તા.૨૬/૦૬/૨૦૨૦ ના ઠરાવ અન્વયે......

1. તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રોને પણ ઇસ્યુ (Issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવાનુ રહેશે.
2. તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધી ઇસ્યુ (Issue) થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધીનો લાભ લેતા અગાઉ ઉમેદવારે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે તેના કુટુંબની આવકમાં વધારો થયેલ નથી અને તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે અંગે આ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં સાદા કાગળ પર બાંહેધરી ઉમેદવાર પાસેથી મેળવવાની રહેશે.(બાંહેધરી પત્રકનો નમૂનો વેબસાઇટ પર મૂકેલ છે.)
3. આ પ્રમાણપત્ર ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન અરજદારના કુટુંબની આવકમાં રાજ્ય સરકારે નિર્ધારિત કરેલ આવકમર્યાદા કરતા વધારો થાય તો અરજદારે તે અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારી સમક્ષ તેની સ્વૈચ્છિક કબુલાત કરવાની રહેશે તથા આવા પ્રમાણપત્રનો અરજદારે ઉપયોગ કરવાનો રહેશે નહીં.જો અરજદાર અથવા તેના વાલી ઇરાદાપૂર્વક વિગતો છૂપાવશે તો તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર ઠરશે અને તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે.

**7) શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર**

i. શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટી વિભાગના તા.૦૧/૧૨/૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સુપ્રિટેન્ડન્ટ/ સીવીલ સર્જનના પ્રમાણપત્ર/મેડીક્લ બોર્ડ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.(૪૦ થી ૧૦૦ ટકા શારીરિક અશક્તતા ધ્યાને લેવાની રહેશે).

**8) વિધવા અનામતના લાભ મેળવવા અંગેનુ પ્રમાણપત્ર**

- ✓ મહિલા ઉમેદવાર દ્વારા વિધવા હોવા અંગેનુ સક્ષમ સત્તાધિકારીનુ પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ સુધીનુ રજૂ થયેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

**9) આધારકાર્ડની નકલ**

- ✓ ઉમેદવારે રજુ કરેલ આધારકાર્ડની સ્વપ્રમાણિત નકલની અસલ આધારકાર્ડ સાથે ખરાઇ કરવાની રહેશે.

**10) માજી સૈનિક અંગેનું પ્રમાણપત્ર**

- ✓ માજી સૈનિક ઉમેદવારોએ જેઓએ જળ, વાયુ અને ભૂમિ આમર્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૦૬ (છ) માસની સેવા કરી હોય તો જ આ અનામત કેટેગરીનો લાભ મળવાપાત્ર થશે. અને તે બદલ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને ડિસ્ચાર્જ બુકની નકલની ચકાસણી કરવાની રહેશે.

**11) કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર**

- ✓ કમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ-૧૦/ધોરણ-૧૨/શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તેવા તેને કોમ્પ્યૂટરની બેઝીક લાયકાત તરીકે માન્ય ગણવાનું રહેશે .આ અન્વયે સંબંધિત ગુણપત્રકની નકલની ચકાસણી કરવાની રહેશે અને જરૂરીયાત અનુસાર સંબંધિત નકલ સામેલ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે .
- ✓ જો ઉક્ત લાયકાતોમાં કોમ્પ્યુટર વિષય તરીકે ન હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરાયેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.( વધુમાં ઉમેદવાર દ્વારા પ્રાઇવેટ સંસ્થાનું કોમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનું પ્રમાણપત્ર રજુ કરાયેલ હોય તો તે પણ ધ્યાને લેવાનું રહેશે.)

**12) હાલ સરકારી/ગ્રાન્ટ–ઈન–એઈડ સંસ્થામાં કાયરત કર્મચારીએ સંબંધિત નિમણુક સત્તાધિકારી પાસેથી મેળવેલ એન.ઓ.સી (ના વાંધા પ્રમાણપત્ર)**

- ✓ હાલ સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ કર્મચારીઓ બજાવતા દ્વારા સંબંધિત નિમણુંક સત્તાધિકારી પાસેથી મેળવેલ એન.ઓ.સી.ની અત્રેથી સુચવ્યા મુજબના નિયત નમૂનામાં છે કે કેમ? અને જાહેરાતની તારીખથી ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ દરમિયાનનુ રજૂ કરેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવાની રહેશે.
- ✓ જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો હોય તેઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે " તેઓ સદર ભરતી પ્રક્રીયા અન્વયે તેઓને મેરીટ ક્રમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવનાર કોઇપણ શાળામાં હાજર થશે અને જો હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુથી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રીયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પુરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓ પોતાના માસિક પગારમાંથી ૫,૦૦૦/- રૂ.૪૦ માસ માટે એમ કુલ ૨,૦૦,૦૦૦/- રૂ.સરકારશ્રીના સંબંધિત સદરે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફત જમા કરાવશે." તે સબબની વેબસાઇટ પર મુકેલ નિયત નમૂનામાં ૩૦૦/- રૂ.ના સ્ટેમ્પ પેપર પર બાંહેધરી અંગે સોગંદનામુ અને આ સોગંદનામુ કરાવ્યા અંગે અત્રેથી સુચવ્યા મુજબના નિયત નમૂનામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તે ચકાસવાનુ રહેશે. (સોગંદનામાનો નમૂનો વેબસાઇટ gserc.in પર મૂકેલ છે.)
- ✓ જે ઉમેદવારો દ્વારા ઓનલાઇન અરજી ફોર્મમાં "Are you already teacher in government/grant-in-aid primary/secondary/higher secondary school ?" તે સબબના વિકલ્પમાં "No" દર્શાવવામાં આવેલ છે તેવા તમામ ઉમેદવારોએ તેઓ ખરેખર હાલ સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નથી તે સબબનુ વેબસાઇટ પર મૂકેલ નિયત નમુનામાં સોગંદનામુ ૫૦/- કે ૧૦૦/- રૂ. ના સ્ટેમ્પ પેપર પર રજુ કરેલ છે કે કેમ તે ચકાસવાનુ રહેશે.( સોગંદનામાનો નમૂનો વેબસાઇટ gserc.in પર મૂકેલ છે.)

**13) શૈક્ષણિક સ્નાતકની માર્કશીટ (બધા જ વર્ષ/સેમિસ્ટરના ગુણપત્રક)**

- ✓ ઉમેદવારે જે વિષય માટે ઉમેદવારી નોંધાવેલ હોય તે જ વિષય અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૩)માં તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવોથી માધ્યમિક અને ઉ.મા. વિભાગ શિક્ષક માટે નિશ્ચિત થયેલ વિષય અનુસાર શૈક્ષણિક સ્નાતકની લાયકાત ધરાવે છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.આ બાબતના વિષયવાર કોષ્ટક મોડ્યૂલમાં સામેલ કરવામાં આવેલ છે. (ઠરાવની નકલ પરીશિષ્ટમાં સામેલ છે.)
- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ શૈક્ષણિક સ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ગુણાંકન તથા ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોક્કસાઇપૂર્વક કરવાની રહેશે.

**14) શૈક્ષણિક સ્નાતકનું ડીગ્રી સર્ટીફીકેટ**

- ✓ ઉમેદવારે જે વિષય માટે ઉમેદવારી નોંધાવેલ હોય તે જ વિષય અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૩)માં તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી માધ્યમિક અને ઉ.મા.વિભાગ શિક્ષક માટે નિશ્ચિત થયેલ વિષય અનુસાર શૈક્ષણિક સ્નાતકની લાયકાત અન્વયે ડિગ્રી સર્ટીફિકેટમાં વિષય દર્શાવેલ છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.આ બાબતના વિષયવાર કોષ્ટક મોડ્યૂલમાં સામેલ કરવામાં આવેલ છે. (ઠરાવની નકલ પરીશિષ્ટમાં સામેલ છે.)

**15) શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકેટ**

- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ શૈક્ષણિક સ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોકસાઇપૂર્વક કરવાની રહેશે .આ સૂચના મુજબ ટ્રાયલ ધ્યાને લેતા યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ ટ્રા યલ સર્ટીફીકેટમાં દર્શાવેલટ્રાયલની સંખ્યા જુદી પડવાની સંભાવના રહેલ છે. પરંતુ યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ જે તે ટ્રાયલ સર્ટીફીકેટ યથાવત રીતે સ્વીકારવાનું રહેશે.

**16)કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમાં માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે)**

- ✓ જે ઉમેદવારોની માર્કશીટમાં ફક્ત **CGPA/CPI/GRAD** દર્શાવેલ હોય તેમના પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટી પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે. અને આ પ્રમાણપત્ર અન્વયે જ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં માર્ક્સ દર્શાવેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે અને તે મુજબ ગુણ ન દર્શાવેલ હોય તો ચેકલિસ્ટ તથા ડી.ઇ.ઓ. લોગીનના વિગતો રિમાર્ક્સના કોલમમાં નોંધ કરવાની રહેશે.

**17) શૈક્ષણિક અનુસ્નાતકની માર્કશીટ(બધા જ વર્ષ/સેમિસ્ટરના ગુણપત્રક)**

- ✓ ઉમેદવારે જે વિષય માટે ઉમેદવારી નોંધાવેલ હોય તે જ વિષય અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૩)માં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી માધ્યમિક અને ઉ.મા. વિભાગના શિક્ષક માટે નિશ્ચિત થયેલ વિષય અનુસાર શૈક્ષણિક અનુસ્નાતક લાયકાતો ધરાવે છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.આ બાબતના વિષયવાર કોષ્ટક મોડ્યૂલમાં સામેલ કરવામાં આવેલ છે. (ઠરાવની નકલ પરીશિષ્ટમાં સામેલ છે.)
- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ શૈક્ષણિક અનુસ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ગુણાંકન તથા ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોક્કસાઇપૂર્વક કરવાની રહેશે.

❖ **<u>ખાસ નોંધ :</u>** ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટેની ટાટ પરીક્ષા વર્ષ-૨૦૧૮ માં પાસ કર્યા બાદ એટલે કે વર્ષ-૨૦૧૯ અને ૨૦૨૦માં મેળવેલ શૈક્ષણિક અનુસ્નાતકની લાયકાત ગ્રાહ્ય રાખવાની રહેશે નહી. આ અંગેની વિશેષ ચકાસણી કરી તેની નોંધ ચેકલીસ્ટ રિમાર્ક્સના કોલમમાં તેમજ ઓનલાઇન ડી.ઇ.ઓ. લોગ ઇન ના રીમાર્ક્સના કોલમમાં પણ સ્પષ્ટપણે કરવાની રહેશે.

**18) શૈક્ષણિક અનુસ્નાતકનું ડીગ્રી સર્ટીફીકેટ**

- ✓ ઉમેદવારે જે વિષય માટે ઉમેદવારી નોંધાવેલ હોય તે જ વિષય અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૩)માં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી માધ્યમિક અને ઉ મા.વિભાગમાં શિક્ષક માટે નિશ્ચિત થયેલ વિષય અનુસાર શૈક્ષણિક અનુસ્નાતકની લાયકાત અન્વયે ડિગ્રી સર્ટીફિકેટમાં વિષય દર્શાવેલ

છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.આ બાબતના વિષયવાર કોષ્ટક મોડ્યૂલમાં સામેલ કરવામાં આવેલ છે. (ઠરાવની નકલ પરીશિષ્ટમાં સામેલ છે.)

**19) શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકેટ**

- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ શૈક્ષણિક સ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોકસાઇપૂર્વક કરવાની રહેશે .આ સૂચના મુજબ ટ્રાયલ ધ્યાને લેતા યુનિવર્સિટીકોલેજ દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ટ્રાયલની/ સંખ્યા જુદી પડવાની સંભાવના રહેલ છે. પરંતુ યુનિવર્સિટી આપવામાં આવેલ કોલેજ દ્વારા/જે તે ટ્રાયલ સર્ટીફીકેટ યથાવત રીતે સ્વીકારવાનું રહેશે.

**20) કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમાં માત્ર CGPA/CPI/GRAD દર્શાવેલ હોય તેમના માટે)**

- ✓ જે ઉમેદવારોની માર્કશીટમાં ફક્ત **CGPA/CPI/GRAD** દર્શાવેલ હોય તેમના પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે. અને આ આ પ્રમાણપત્ર અન્વયે જ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં માર્ક્સ દર્શાવેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે. તે મુજબ ગુણ ન દર્શાવેલ હોય તો ચેકલિસ્ટ તથા ડી.ઇ.ઓ. લોગીનના વિગતો રિમાર્ક્સના કોલમમાં નોંધ કરવાની રહેશે.

**21) વ્યાવસાયિક સ્નાતકની માર્કશીટ (બધા જ વર્ષ/સેમિસ્ટરના ગુણપત્રક)**

- ✓ ઉમેદવારે જે વિષય માટે ઉમેદવારી નોંધાવેલ હોય તે જ વિષય અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ ૨૦(૩)માં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી માધ્યમિક અને ઉ.મા વિભાગ .શિક્ષક માટે નિશ્ચિત થયેલ વિષય અનુસાર વ્યાવસાયિક સ્નાતક લાયકાતો ધરાવે છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.આ બાબતના વિષયવાર કોષ્ટક મોડ્યૂલમાં સામેલ કરવામાં આવેલ છે. (ઠરાવની નકલ પરીશિષ્ટમાં સામેલ છે.)
- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ વ્યાવસાયિક સ્નાતકના ગુણ મોડ્યૂલમાં દર્શાવેલ ગુણાંકન તથા ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોક્કસાઇપૂર્વક કરવાની રહેશે.

❖ **<u>ખાસ નોંધ:</u>** માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટેની ટાટ પરીક્ષા વર્ષ-૨૦૧૮માં પાસ કર્યા બાદ એટલે કે વર્ષ-૨૦૧૯ અને ૨૦૨૦ માં મેળવેલ બી.એડ.ની લાયકાત ગ્રાહ્ય રાખવાની રહેશે નહીં. આ અંગે વિશેષ ચકાસણી કરી તેની નોંધ ચેકલીસ્ટ તથા ચેકલીસ્ટના રિમાર્ક્સ ના કોલમમાં તેમજ ઓનલાઈન ડીઈઓ લોગ-ઈન ના રિમાર્ક્સના કોલમમાં પણ સ્પષ્ટપણે કરવાની રહેશે.

**22) વ્યવસાયિક સ્નાતકનું ડીગ્રી સર્ટીફીકેટ**

- ✓ ઉમેદવારે વ્યાવસાયિક સ્નાતકની લાયકાત અન્વયે ડિગ્રી સર્ટીફિકેટ રજુ કરેલ છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.

**23) વ્યવસાયિક સ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકેટ**

- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ વ્યાવસાયિક સ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોકસાઇપૂર્વક કરવાની રહેશે .આ સૂચના મુજબ ટ્રાયલ ધ્યાને લેતા યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ટ્રાયલની સંખ્યા જુદી પડવાની સંભાવના રહેલ છે. પરંતુ યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફીકેટમાં જે તે ટ્રાયલ સર્ટીફીકેટ યથાવત રીતે સ્વીકારવાનું રહેશે.

**24) વ્યવસાયિક સ્નાતકની લાયકાત જે કોલેજમાંથી મેળવેલ હોય તે કોલેજ એન.સી.ટી.ઈ/આર.સી.આઈ માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર**

- ✓ વ્યવસાયિક સ્નાતકની લાયકાત જે કોલેજમાંથી મેળવેલ હોય તે કોલેજ એન.સી.ટી.ઈ/આર.સી.આઈ માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર ઉમેદવારે રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

**25) કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમાં માત્ર CGPA/CPI/GRAD દર્શાવિલ હોય તેમના માટે)**

- ✓ જે ઉમેદવારોની માર્કશીટમાં ફક્ત **CGPA/CPI/GRAD** દર્શાવેલ હોય તેમના પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે. અને આ આ પ્રમાણપત્ર અન્વયે જ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં માર્ક્સ દર્શાવેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

**26) વ્યવસાયિક અનુસ્નાતકની માર્કશીટ (બધા જ વર્ષ/સેમિસ્ટરના ગુણપત્રક)**

- ✓ ઉમેદવારે રજુ કરેલ વ્યાવસાયિક અનુસ્નાતક લાયકાતની અસલ માર્કશીટની ચકાસણી કરી, ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ વ્યાવસાયિક અનુસ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ગુણાંકન તથા ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોક્કસાઇપૂર્વક કરવાની રહેશે.

**27) વ્યવસાયિક અનુસ્નાતકનું ડીગ્રી સર્ટીફીકેટ**

- ✓ ઉમેદવારે વ્યાવસાયિક સ્નાતકની લાયકાત અન્વયે ડિગ્રી સર્ટીફિકેટ રજુ કરેલ છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની રહેશે.

**28) વ્યવસાયિક અનુસ્નાતકનું ટ્રાયલ સર્ટીફીકેટ**

- ✓ ઓનલાઇન અરજી ફોર્મમાં ઉમેદવારે દર્શાવેલ વ્યાવસાયિક અનુસ્નાતકના ગુણ મોડયૂલમાં દર્શાવેલ ટ્રાયલ બાબતની માર્ગદર્શક સૂચના મુજબ યોગ્ય છે કે કેમ તેની ચકાસણી ચોકસાઇપૂર્વક કરવાની રહેશે .આ સૂચના મુજબ ટ્રાયલ ધ્યાને લેતા યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ટ્રાયલની સંખ્યા જુદી પડવાની સંભાવના રહેલ છે. પરંતુ યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફીકેટમાં જે તે ટ્રાયલ સર્ટીફીકેટ યથાવત રીતે સ્વીકારવાનું રહેશે.

**29) કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જે ઉમેદવારોની માર્કશીટમાં માત્ર CGPA/CPI/GRAD દર્શાવિલ હોય તેમના માટે)**

- ✓ જે ઉમેદવારોની માર્કશીટમાં ફક્ત **CGPA/CPI/GRAD** દર્શાવેલ હોય તેમના પાસેથી કુલ ગુણ મેળવેલ ગુણ અન્વયે સંબંધિત કોલેજ/યુનિવર્સિટી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે. અને આ આ પ્રમાણપત્ર અન્વયે જ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં માર્ક્સ દર્શાવેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

**30) વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાત જે કોલેજમાંથી મેળવેલ હોય તે કોલેજ એન.સી.ટી.ઈ/આર.સી.આઈ માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર**

- ✓ વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાત જે કોલેજમાંથી મેળવેલ હોય તે કોલેજ એન.સી.ટી.ઈ/આર.સી.આઈ માન્ય હોવા અંગેનું પ્રમાણપત્ર ઉમેદવારે રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

**31) ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી વર્ષ–૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર.**

- ✓ ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઇ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવાની રહેશે.

**32) શૈક્ષણિક સ્નાતકઅનુસ્નાતકની લાયકાતો/અનુસ્નાતક તથા વ્યાવસાયિક સ્નાતક/ માન્ય યુનિવર્સિટીમાંથી તથા નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ હોવા અંગે ચકાસણી .**

- ✓ શૈક્ષણિક સ્નાતકઅનુસ્નાતક લાયકાતો/ યુ.જી.સી માન્ય યુનિવર્સિટીમાંથી તથા વ્યાવસાયિક સ્નાતક અનુસ્નાતકની/લાયકાતો એન.સી.ટી.ઈ/આર.સી.આઈ માન્ય કોલેજમાંથી દ્વારા મેળવેલ હોવા અંગે વિશેષ ચકાસણી કરવાની રહેશે.
- ✓ સોફ્ટવેરમાં ઉમેદવારો માટે પોતાની યુનિવર્સિટીની વિગત દર્શાવવા અંગે યુ.જી.સી માન્ય યુનિવર્સિટીઓ ડ્રોપ ડાઉનમાં મુકવામાં આવેલ, તેમાંથી ઉમેદવારે પોતાની યુનિવર્સિટી પસંદ કરવાની હતી. પરંતુ આ ડ્રોપ ડાઉનમાં જો ઉમેદવારની યુનિવર્સિટીનું નામ ન હોય તો તેને other option માં જઈ, પોતાની યુનિવર્સિટીનું નામ

મેન્યુઅલી લખવાનું હતું. other option માં જઈ, પોતાની યુનિવર્સિટીનું નામ મેન્યુઅલી લખેલ હોય તેવા ઉમેદવારોનો ડેટા Deo log in માં અલગથી આપવામાં આવશે. તેવા ઉમેદવારોની લાયકાતોની આપે જીણવટ પૂર્વક ચકાસણી કરવાની રહેશે.

- ✓ નીચે મુજબની State Open universities સિવાયની રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી open and distance learning દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય રહેશે નહી. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.

1. DR. B.R. AMBEDKAR OPEN UNIVERSITY (BRAOU), HYDERABAD, A.P.
2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
3. NALANDA OPEN UNIVERSITY (NOU). PATNA, BIHAR
4. YASHWANTRAO CHAVAN MAHARAHSTRA OPEN UNIVERSITY (YCMOU), NASHIK, MAHARASHTRA
5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL, M.P.
6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA, W.B.
9. U.P. RAJARSHI TANDON OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
10. TAMIL NADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMIL NADU
11. PT. SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAIL), UTTARANCHAL
13. K. K. Handique State University, Guwahati, Assam

- ✓ રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત માન્ય રાખવાની રહેશે. પરંતુ તે અન્વયે મુદ્દા નંબર-૩૧માં દર્શાવેલ આધારો ઉમેદવારો દ્વારા રજુ કરવામાં આવેલ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરવાની રહેશે.

**33) રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે રજુ કરવાના આધારો.**

- ✓ રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે મુજબના તમામ આધારો રજુ કરેલ છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે .
  - અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર(માઈગ્રેશનસર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
  - અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
  - અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.
  - અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
  - પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
  - અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
  - માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર
  - ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે

## ૧. ગુણાંકન ચકાસણી બાબત

- કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિદ્યાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિદ્યાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય તેવા હેતુથી ભરતી સમિતિએ કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

- ઉમેદવારોને ઓનલાઇન અરજી ફોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણજ દર્શાવવા,જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત **CGPA/CPI/GRADE** આપેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી પ્રમાણપત્ર મેળવીને જ કુલ ગુણ અને મેળવેલ ગુણ દર્શાવવા, અને આ અંગે ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરવા જણાવેલ છે. ફોર્મ્યુલાની મદાદથી કનવર્ટ કરેલ કુલ ગુણ મેળવેલ ગુણ માન્ય રહેશે નહી. શૈનાતક અને અનુસ્નાતકમાં્ૃક્ષણિક સ યુનિવર્સિટી દ્વારા જે પેટર્નમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવેલ હોય તે મુજબ જ ધ્યાને લેવું .**B.Ed.**માં **Practical** સહિતનું ગુણાંકન ધ્યાને લેવું.

- જો **F.Y./S.Y.** અન્ય યુનિવર્સિટીમાંથી કરેલ હોય અને **T.Y.** ની માર્કશીટમાં **T.Y.** જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તે યુનિવર્સિટીની પેટર્નમાં **F.Y./S.Y.** ગ્રાન્ડ ટોટલમાં ગણેલ હોય તો ઉમેદવારની યુનિવર્સિટીની **T.Y.**ની માર્કશીટની પેર્ટન મુજબ **F.Y./S.Y.**ના માર્ક્સ ઉમેરેલા ધ્યાને લેવાના રહે. જે-તે લાયકાતના બધા જ સેમિસ્ટર-વર્ષના એક જ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તો તે જ યુનિવર્સિટીની પેટર્ન મુજબના ગુણ ધાને લેવાના રહેશે.

- ડીપ્લોમા **(D.Pharm/D.E.)** વગેરેમાંથી **S.Y.** માં સીધા પ્રવેશ મેળવનાર ઉમેદવારોના કિસ્સામાં પણ ઉપરોક્ત વિગતે યુનિવર્સિટીની પેટર્ન મુજબ **F.Y.** ના માર્કસ અન્વયે ડીપ્લોમાંના અંતિમ બે સેમિસ્ટરના માર્ક્સ ઉમેરેલા ધ્યાને લેવાના રહે.જો યુનિવર્સિટીની પેટર્નમાં **T.Y.** ની માર્કશીટમાં **F.Y.**ના માર્ક્સ ગણતરીમાં ન લેવાતા હોય તો આવા માર્ક્સ ઉમેરવાના રહે નહી.

❖ **એક કરતા વધુ પ્રયત્ને લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોના ગુણ પત્રકોની ચકાસણી અંગેની સૂચનાઓ**


- ઉમેદવારે છેલ્લે આપેલ પરીક્ષા એટલે કે જે તે લાયકાતના અંતિમ સેમિસ્ટર/અંતિમ વર્ષમાં નાપાસ/ ગેરહાજર હોય તો જ ટ્રાયલ ગણવાપાત્ર થાય. જો લાયકાતના અંતિમ વર્ષ/ સેમિસ્ટરમાં નાપાસ/ગેરહાજર ન હોય તો ટ્રાયલ ગણવો નહી. સદર બાબતે આપે યુનિવર્સિટી માંથી મેળવેલ ટ્રાયલ સર્ટિફિકેટમા દર્શાવેલ ટ્રાયલ ની વિગત જુદી પડવાની શક્યતાઓ રહેલ છે પરંતુ આ અંગે ઉમેદવારે યુનિવર્સિટી પાસેથી સુધારેલ ટ્રાયલ સર્ટિફિકેટ લેવાની જરૂરિયાત રહેતી નથી.
- જો અંતિમ વર્ષ/સેમિસ્ટરમાં નાપાસ હોય ગેરહાજર હોય અને ઉમેદવારે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો, ટ્રાયલ ગણવાનો રહેતો નથી. તથા જો અંતિમ વર્ષ/સેમિસ્ટરમાં નાપાસ/ગેરહાજર હાજર હોય તો જ્યારે કોઇ વિષયની મુક્તિ લઈ અમુક વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો ફરીથી જેટલા વિષયની પરીક્ષા આપેલ હોય તેટલા વિષયના કુલ રાન્ડ ટોટલમાં ઉમેરી્ૃમેળવેલ ગુણ ગ સરવાળો કરવો અને ગુણ ગણતરી કરવી. જ્યારે કોઇ યુનિવર્સિટીના કિસ્સામાં ગ્રાન્ડ ટોટલની ગણતરીમાં તમામ વર્ષ/સેમિસ્ટરના કુલ/મેળવેલ ગુણ આપેલ હોય અને અંતિમ વર્ષ/ સેમિસ્ટર સિવાય ટ્રાયલ હોય તો નાપાસ ગુણની જગ્યાએ પાસના રિપ્લેસ કરવા.

- જો કોઇ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મુલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મુલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતા ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.
- ઉપરોક્ત ગુણાંકન અને ટ્રાયલની સૂચનાઓને ધ્યાને લઈને ઉમેદવારોએ શૈક્ષણીક સ્નાતક/અનુસ્નાતક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતકની લાયકાતના ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ ગુણની અસલ ગુણ પત્રક સાથે ચકાસણી કરવાની રહેશે. જો આ ચકાસણી અન્વયે ઉમેદવારની કોઈ લાયકાતના ગુણમાં કોઇ ફેરફાર થવા પાત્ર હોય તો ઉમેદવારની અરજી સાથેના ચેકલીસ્ટમાં તેમજ આપના લોગ ઇન એકાઉન્ટમાં ઉમેદવારની વિગત સામે રીમાર્ક્સના કોલમમાં સ્પષ્ટ રીતે થવા પાત્ર ફેરફાર કારણ સહિત દર્શાવવાના રહેશે.


## 10. ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગે ઓનલાઈન DEO લોગ–ઈન સંદર્ભે સૂચનાઓ

❖ તમામ જીલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન કેન્દ્રોને સોફ્ટવેરમાં પોતાના ઓનલાઈન એકાઉન્ટ ફાળવવામાં આવશે જેમાં લોગ-ઈન અન્વયે યુસર આઈડી અને પાસવર્ડ આપવામાં આવશે તેમજ આ લોગીન એકાઉન્ટમાં તેઓનાં જીલ્લામાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન ઉમેદવારોની અરજીઓની વિગત આપવામાં આવશે. જે તે ઉમેદવારની વિગત ઉમેદવારોના ટાટ નંબર દ્વારા search કરી મેળવી શકાશે. આ વિગતોમાં ઉમેદવારના ઓનલાઈન અરજી ફોર્મ (ફ્રિજ કરેલ) જોવા મળશે.Deo log-in માં ઉમેદવારની હાજર/ગેરહાજરની વિગતો દર્શાવવી ડોક્યુમેન્ટ વેરિફીકેશન માટે હાજર રહેનાર ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજી ફોર્મમાં દર્શાવેલી વિગતો, તેમજ ઉમેદવાર દ્વારા રજુ કરેલ ઓનલાઈન અરજી પત્રકની પ્રિન્ટ,તેમજ ચેકલીસ્ટની વિગતોને ઉમેદવાર દ્વારા રજુ થયેલ અસલ પ્રમાણપત્રકો/ગુણપત્રકોની સરકારશ્રીના સંબંધિત અસ્તિત્વ ધરાવતા ઠરાવોની જોગવાઈ અને અત્રેથી આપવામાં આવેલ સુચનાઓ અન્વયે ચકાસણી કરી, યોગ્ય લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોની અરજીઓ Verified કરવી તથા ઉમેદવારોના પ્રમાણપત્રકો/ગુણપત્રકો/અન્ય પ્રમાણપત્રો કન્ફર્મ કરી,યોગ્ય લાયકાત ન ધરાવતા ઉમેદવારો અથવા મેરીટ ફેરફાર થવા પાત્ર ઉમેદવારોની અરજીના રિમાર્ક્સના કોલમમાં Query દર્શાવીને નીચે Remarks ના કોલમમાં વિગતવાર કારણ દર્શાવ્યા બાદ જ **C.O.S.** ના અકાઉન્ટમાં સબમીટ કરવાની રહેશે તથા અરજી ચકાસણી કરનાર અધિકારી/કર્મચારીનું નામ પણ કોલમમાં દર્શાવવાનું રહેશે. ઓનલાઈન ડીઈઓ લોગ-ઈનની વિગતોનો નમૂનો નીચે મુજબ છે.


## ❖ Login: -



## ❖ Dashboard: -




## ❖ Document Verification page 1: -



# Document Verification page 2: - (સૂચિત નમુનો)

GS & HSS Education Staff Recruitment Selection Committee
(Government of Gujarat)

deoadc

| HSC Govt. TAT No.: | 418000890 | Search |
|---|---|---|

## Document Verification

| | | | | | |
|---|---|---|---|---|---|
| Candidate come for verification?: | ◉ Yes ○ No | Verification Date:* | | Verifier Name:* | |
| Is Documents valid?: | ○ Yes ◉ No | Remarks:* | | | |

Save

### Application Form

| | | | | | |
|---|---|---|---|---|---|
| Applied For: | Higher Secondary : Gujarati Medium | Subject: | Commerce | TAT No.: | 418000890 |
| TAT Marks: | 164.00 | Date of birth: | 03/07/1988 | Advertisement No.: | 01/2019 |



| | | | | | |
|---|---|---|---|---|---|
| Name | Mr. NIRAJKUMAR ARUNBHAI JAIN | Gender | Male | Category | General |
| Is PH Category ? | False | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Mobile No: | 9586373259 | Email ID: | nirajjain157@gmail.com | Address: | A-8/96,HARIOM APPARTMENT ,NEAR VYASVADI CROSS ROAD,NAVA VADAJ,AHMEDABAD-380013 | | |
| State: | Gujarat | District: | Ahmedabad City | Pincode: | 380013 | Preferred District For Verification: | Ahmedabad City |

| | |
|---|---|
| Is Ex Armyman: | False |
| Computer qualification?: | True |
| Are you already teacher in government / grant-in-aid primary / secondary / higher secondary school : | False |

#### Academic Graduation Qualification

| | | | | | |
|---|---|---|---|---|---|
| Qualification: | B.com | Subject: | Basic Elements of Account | State: | Gujarat |
| University Name: | Gujarat University | | | Passing Year: | 2008 |
| Study Type: | Regular | No. Of Trials: | 1 | Percentage: | 67.67 |

| Trial | Obtained Marks | Total Marks |
|---|---|---|
| 1 | 609.00 | 900.00 |

#### Academic Post-Graduation Qualification

| | | | | | |
|---|---|---|---|---|---|
| Qualification: | M.COM | Subject: | Basic Elements of Account | State: | Gujarat |
| University Name: | Gujarat University | | | Passing Year: | 2010 |
| Study Type: | Regular | No. Of Trials: | 1 | Percentage: | 59.5 |

| Trial | Obtained Marks | Total Marks |
|---|---|---|
| 1 | 476.00 | 800.00 |

#### Professional Graduation Qualification

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Qualification: | B.Ed / Shiksha Visharad / D.B.Ed / G.B.T.C. | Method-1: | Basic Elements of Account | Method-2: | Business Management and Administration | | |
| State: | Gujarat | University Name: | GUJARAT UNIVERSITY | College Name: | A G TEACHERS B.ED.COLLEGE | | |
| Passing Year: | 2014 | No. Of Trials: | 1 | Is college NCTE / RCI Recognize: | True | Percentage: | 86.6 |

| Trial | Obtained Marks | Total Marks |
|---|---|---|
| 1 | 1732.00 | 2000.00 |

#### Professional Post-Graduation Qualification

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Qualification: | M.Ed | Special Field: | EDUCATION | State: | Gujarat | | |
| University Name: | GUJARAT UNIVERSITY | College Name: | DEPARTMENT OF EDUCATION | Passing Year: | 2015 | | |
| No. Of Trials: | 1 | Is college NCTE / RCI Recognize: | True | Percentage: | 80.85 | | |

| Trial | Obtained Marks | Total Marks |
|---|---|---|
| 1 | 1051.00 | 1300.00 |

© 2019 All Rights Reserved

Powered By: Guj Info Petro Ltd.

## 11. Query વાળા ડોકેટ રાજ્યકક્ષાએ હાર્ડકોપીમાં જમા કરાવવા અંગે

a. તમામ સ્વિકાર કેંદ્રઓએ ડી.ઇ.ઓ.લોગિનમાંથી ચકાસણી માટે આવેલા દરેક ઉમેદવાર ચેકલિસ્ટની પ્રિન્ટ મેળવવાની રહેશે ઉમેદવારના ડોક્યુમેન્ટની ચકાસણી કરી ચેકલિસ્ટમાં તેમાં જરૂરી તમામ વિગતો દર્શાવી ચકાસનારનું નામ અને હોદ્દો દર્શાવી, સહી કરવાની રહેશે ચેકલિસ્ટને સંબંધિત અરજીના ડોકેટ સાથે એટેચ કરવાનું રહેશે તેમજ ડોકેટ પર DEO Login માંથી ક્વેરી નોંધપાનાની પ્રિન્ટ મેળવી ડોકેટ પર એટેચ કરવાની રહેશે અને તેના પર વેરિફાયર,ભરતી નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી કરી ક્વેરીવાળા તમામ મુળ ડોકેટ આપની કક્ષાએ રાખી ડોકેટની એક ઝેરોક્ષ નકલ તેમજ અત્રેથી સુચવ્યા મુજબના તારીખ,સમય અને સ્થળે આપના જિલ્લાના ભરતી નોડલ અધિકારી સાથે રૂબરૂમાં મોકલી આપવાના રહેશે...

અત્રેથી આપેલ કાર્યક્રમ અથવા સૂચના મુજબ કામગીરી કરવી. આ કાર્યક્રમ સંભવિત છે તેમાં ફેરફાર થવાની શક્યતા છે. તો દરરોજ વેબસાઇટ, ડોક્યુમેન્ટ વેરીફીકેશન કેન્દ્રના લોગીનમાં અને ઇ-મેઇલ દ્વારા અપાતી સૂચનાઓને ધ્યાને લેવી અને તેની અમલ કરવો. દરરોજ વેબસાઇટ અને ઇ-મેઇલ ઓછામાં ઓછા બે-વાર(સવાર-સાંજ) જોતા રહેવું.અને આપેલ સૂચનાઓનો ચુસ્ત પણે અમલ કરવો.

લાયકાત, વયમર્યાદા કે કેટેગરી બાબતે કોઇ દ્વિધા હોય કે વિવાદ જણાય તો તેવી બાબતે અત્રેની કચેરીએ ફોનથી પરામર્શ કરવો. જરૂર જણાય તો નીચે દર્શાવેલ ઇમેઇલથી માર્ગદર્શન મેળવી લેવું. આપની કક્ષાએથી કોઈપણ અરજીનો અસ્વીકાર કરવો નહી. માત્ર તેની વિસંગતતા અન્વયે ચેકલીસ્ટ તેમજ આપના ઓનલાઈન લોગ-ઈનના રિમાર્ક્સમાં તેની સ્પષ્ટ વિગતો દર્શાવવી. કોઈપણ અરજીનો અસ્વીકાર કરવા અંગે કે રદ કરવા અંગેની સત્તા માત્ર અને માત્ર રાજ્ય કક્ષાની ભરતી સમિતિની જ રહેશે.

## 12. વાંધા અરજીઓ સ્વીકારવા બાબત

દરેક વિભાગની (સરકારી ઉચ્ચત્તર માધ્યમિક/સરકારી માધ્યમિક/અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક/ અનુદાનિત માધ્યમિક) સંભવિત આખરી યાદી પ્રસિધ્ધ કર્યા બાદ જે ઉમેદવારો વાંધા અરજી કરવા માંગતા હોય તેઓને એસ.એમ.એસ. કે વેબસાઇટના માધ્યમથી તે અંગેની જાણ કરવામાં આવશે અને તેમ કર્યા બાદ જે ઉમેદવારો સંભવિત આખરી પસંદગી યાદી અંગે મેરિટ સંબંધિત કોઇ વાંધો હોય તો સુચવેલ દિવસો દરમ્યાન પોતાની વાંધા અરજી પોતે જે જિલ્લાની ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાવવા પસંદગી કરેલ હોઇ તે જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફિકેશન સેન્ટર ખાતે રૂબરૂમાં જમા કરાવશે. આથી, આ દિવસો દરમ્યાન ડોકયુમેન્ટ વેરીફિકેશન સેન્ટર કાર્યરત ર લઈને આવનાર ઉમેદવારની વાંધા અરજી સ્વીકારીને તે અંગેની પહોંચ આપવાની રહેશે. તેમજ તે અંગેનું રજીસ્ટર બનાવી તેમાં નોંધવાની રહેશે. ડોક્યુમેન્ટ વેરીફિકેશન સેન્ટર ખાતે મળેલ તમામ વાંધા અરજીઓ એકત્રિત કરી કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગર ખાતે સુચવ્યા મુજબ પહોંચાડવાની રહેશે.

**ઈ–મેઈલ આઈડી: gserc2@gmail.com**
**ભરતી સંબંધિત વેબસાઈટ:– https://www.gserc.in/**

# પરિશિષ્ટ

**બિનસરકારી (અનુદાનિત) ઉચ્ચત્તર માધ્યમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી સંબંધીત ઠરાવો https://www.gserc.in/ પર મળી રહેશે.**

1) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,સચિવાલય ગાંધીનગરના તા.૧૧/૦૨/૨૦૧૧નાં જાહેરનામા ક્રમાંક: જીએચ/ એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ
2) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,સચિવાલય ગાંધીનગરના તા.૦૩/૦૬/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક: જીએચ/ એસ.એ/૨૫/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ
3) શિક્ષણ વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/ ૧૯૦૬/ગ
4) શિક્ષણ વિભાગના તા.૨૦/૦૯/૨૦૧૯ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસ.એચ/૮૦/બમશ/૧૧૦૯/ ૧૯૦૬/ગ
5) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.